# પ્રકરણ ૫

# ઉપસંહાર

# પ્રકરણ : ૫ : ઉપસંહાર

શોધનિબંધના અંતે સંશોધન અભ્યાસમાંથી પસાર થતા ક્યા અને કેવા તથ્યોની પ્રાપ્તિ થઈ તે માટે કેટલાક તારણો જોઈએ.

- લોકપ્રિય સંજ્ઞા હોય કે તેની અવેજીમાં વપરાતી સંજ્ઞાઓ લોકભોગ્ય, લોકાભિમુખ કે લોકપ્રસિદ્ધ વગેરે જેવી સંજ્ઞા હોય તેના કેન્દ્રમાં લોકો રહેલા છે. અને 'લોકપ્રિય' સંજ્ઞા સાથે સંકળાયેલ કલા લોકોને ધ્યાનાં રાખીને રચાય છે.

- સાહિત્યક્ષેત્રે 'લોકપ્રિય સાહિત્ય' વર્ગીકૃત ધોરોણો દ્વારા જુદુ તરી આવે છે. અને લોકપ્રિય સાહિત્યનો લેખક લોકોની ઈચ્છા અને તેમની પસંદગીને ધ્યાનમાં રાખીને સાહિત્ય રચે છે.

- કળાનો મુખ્ય ઉદ્દેશ્ય હંમેશા નૈતિકતાના ધોરણો સચવાય, ઉચ્ચ સૌંર્ધ્યબોધની પ્રાપ્તિ થાય અને સંસ્કૃતિનું મૂળ સચવાય તથા તેમાં સિંચન થતુ રહે તેવો રહ્યો છે. જ્યારે લોકપ્રિય સાહિત્યના  લેખકો આ બાબતોની પરવા કરતા નથી. તે પોતાના વિષયવસ્તુમાં તેનો સમાવેશ ખપ પૂરતો જ કરે છે. અને જીવનના રોચક દ્દશ્યો તથા ઉદ્ભવિત પ્રશ્નોને પ્રાધાન્ય આપી સમર્થન આપે છે.

- સાહિત્યમાં નવલકથાનું સ્વરૂપ વધુ પ્રિય રહ્યું છે. અને લોકપ્રિય નવલકથાઓ તો અત્યંત પ્રિય અને ચર્ચિત બની છે. નવલકથા સ્વરૂપમાં પણ વર્ગીકૃત ધોરણો દ્વારા માળખું ઘડવાની પદ્ધતિએ લોકપ્રિય નવલકથાને અલગ તારવી છે.

- લોકપ્રિય નવલકથામાં ભાવક કૃતિને માણી શકે, પામી શકે એ રીતે લેખક તેની રચના કરે છે. વાચકોની રૂચિ-અરૂચિનો ખ્યાલ રાખી સરળતાથી કથા સમજાય તે રીતે તેનું આલેખન કરવામાં આવે છે.

- કોઈપણ જાતની જટીલ પ્રક્રિયામાં કે સુઆયોજનની પળોજાણમાં પડ્યા વિના તત્કાલીન અસર કરતા પ્રસંગોને લેખક લોકપ્રિય સાહિત્યમાં આલેખે છે.

- લોકપ્રિય કથાઓમાં પ્રાચીન પરંપરા કે ઈતિહાસ સાથેનો તાર જોડાયેલ જોવા મળે છે. પરંતુ તેના સત્યને જ વળગી રહેવું તે લોકપ્રિય કથા ઘડનાર લેખકને સ્વીકાર્ય હોતું નથી પોતાના કલ્પિત જગત અનુંસાર તેમાં તત્કાલીન અસર કરે તેવા સંદર્ભો દ્વારા ઊહાપોહ ઉભો કરે છે.

- લોકપ્રિય કથામાં જાતીય આલેખનનું ખૂલ્લુ વર્ણન જોવા મળે છે. ચુંબનનું દ૨્ય હોય કે શારિરિક સંબંધો દર્શાવતા દ૨્ય હોય લેખક તેને વર્ણાવવામાં કોઈ ખચકાટ અનુભવાતો નથી. પરંતુ દરેક કથાના મુલ્યાકન વખતે મનોરંજન માટેકે ભાવકને ગલગલિયા કરાવવા માટે આવા છીછરાપ્રયોગો કરવામાં આવી છે. આવા ઠોસ બાબત ઘડી કાઢવાની જરૂર જણાતી નથી.

- ફકત છીછરા વર્ણનો દર્શાવતી કૃતિ જુદી જ તરી આવે છે. જે કાળનાં પ્રવાહમાં વિસરાઈ જાય છે. જ્યારે અશ્વિની ભટ્ટકૃત ‘ઓથાર’ જેવી કથાઓ શૃંગારિક રસના આલેખન દર્શાવતી હોવા છતાં તેને છીછરી કહી વર્ગીકૃત કરવામાં નથી આવી. અને આમ પણ શિષ્ટતાના ઉચ્ચ સ્તરો પર મુકવામાં આવેલા સંસ્કૃત નાટકો અને મહાકાવ્યોમાં શ્રુંગારિક આલેખન જોવા મળ્યું જ છે.

- લોકપ્રિય નવલકથા હોય કે શિષ્ટ નવલકથા હોય જે ખરેખર સાહિત્યિક હોય તેને સમયનું પરિબળ અસર કરતું નથી. શિષ્ટ ગણાતી ‘સરસ્વતી ચંદ્ર’ કથા હોય કે લોકપ્રિય ગણાતી ‘ઓથાર’ કથા હોય ઘણી કૃતિઓ એવી છે. જે આજ પર્યન્ત જીવન્ત રહી છે. અને ફકત મનોરંજનના જ ઉદેશ્યને ધ્યાનમાં રાખાયેલ ધણી કૃતિઓએ મર્યાદિત સમય પૂરતી લોકપ્રિયતા હાંસલ કરી અને જનમાનસ પરથી ભૂંસાઈ ગઈ તેથી એમ કહી શકાય કે લોકપ્રિય કૃતિ વિશે બંધાઈ ગયેલ ધારણાઓને જ આધારે કૃતિને મૂલવવી યોગ્ય નથી. તેમાં રહેલા લાંબાસમય સુધી જીવન્ત રહી શકે તેવા તત્ત્વો પણ તપાસવા જરૂરી બને છે.

- લોકપ્રિય નવલકથાઓમાં મોટાભાગે ડિટેક્ટિવકથા, રંજનકથા, હાસ્યકથા, ફેન્ટસીકથા, ધારાવાહિક કથા, પ્રણય-રોમાન્સ-ઉતેજક કથા, મેલોડ્રામેમિક કથા, સાહસકથા, વિનોદી-કરૂણકથા વગેરે જેવા પ્રકારોનો સમાવેશ થયો છે. અને અભ્યાસકીય કથાઓના અભ્યાસ દરમિયાન આવા પ્રકાર તથા તેમા રહસ્ય, ખૂન - અત્મહત્યા, ચોરી, બળત્કાર, છળ-કપટ, ષડયંત્રો, સંઘર્ષ, કરુણતા વગેરે જેવા જિજ્ઞાસા, કૃતુહલ અને તાલાવેલી જગાડે તેવા તત્ત્વો અભિકૃત થાય છે. તેના કારણે વાચક કૃતિ સાથે સંકળાયેલ રહે છે. અને એક જ બેઠકે કૃતિ વાંચી જવાની વાચકની ઈચ્છા સક્રિય બની શકે છે.

- લોકપ્રિય કૃતિ ઓમાં થયેલ વર્ણનો સર્વમાન્ય પરિબળ જણાય છે. લોકપ્રિય લેખક ભાવકના મન- મગજને કષ્ટ આપવા ઈચ્છતો નથી. વ્યક્તિ - વસ્તુ - સ્થળ - કાળ કે ઘટનાં હોય તેમા પાત્રના વસ્ત્રો, તેમનો દેખાવ હોય, મોટા મહેલથી માંડી નાની ઝુંપડી હોય કે, રસ્તાઓમાં પણ કિલોમીટરના અંતર સાથે નાનામાં-નાની વિગતોને ભાવક સમક્ષ મૂકી આપે છે.

- લોકપ્રિય કૃતિમાં ક્યારેક પાત્રોના મનોભાવોમાં કાલ્પનિક મથામણ મૂકી આપે છે. પરંતુ તેમાંય અણસાર આપવાનું ચૂકતા નથી. જેથી ભાવકની  આંખ સામે જ આખી કૃતિ ચલચિત્ર ચાલતું હોય એ રીતે ઊપસી આવે છે. જ્યારે શિષ્ટ સાહિત્યમાં લેખક ઘણા બધા અધુરા છેડા ભાવકની કલ્પનાના ભરોસે મૂકી આપે છે.

- લોકપ્રિય કથાઓમાં ભાષાની ભૂમિકા મહત્ત્વની રહે છે. લોકપ્રિય કથાની ભાષા મોટા ભાગે સામાન્ય વર્ગના ભાવકને પણ સમજાય તેવી સીધી - સરળ અને જનવ્યવહાર સાથે સ્પર્શીને ચાલતી હોય તેવી હોય છે રોજિંદી સ્થળ-કાળ પ્રમાણેની બોલી, બોલી પ્રમાણેના લહેકા અને ઘણીવાર અન્ય ભાષાના મિશ્રણ સાથે પણ કથામાં પ્રસ્તુત થાય છે.

- શિષ્ટ સાહિત્યની ભાષાને તફાવત રૂપે જોવા જઈએ તો શિષ્ટ કથાની  ભાષા પ્રતીક-કલ્પનોને વ્યકત કરતી પ્રયોગશીલ અને સાહિત્યક સ્તરની સજ્ઞતા કેળવતી જણાય છે. પરિણામે તેની વિશિષ્ટતા, સજ્ઞતા કે સૌન્દર્યરૂપો ભાવક સામે છતા થાય છે. પરંતુ ઘણીવાર સામાન્ય વર્ગનો

વ્યક્તિ આ બાબતે અણસમજ ધરાવતો હોવાથી સમજી શકતો નથી અને ભાષામાંથી મળતા અર્થ કે ભાવાર્થને એ બાજુ પર મૂકી આગળ વધે છે.

- આમ, કેટલાક તત્ત્વો, વર્ણનો, ભાષા, વિષયવસ્તુ શિષ્ટ અને લોકપ્રિયકથાનો ભેદ સ્પષ્ટ કરે છે. અને ગુજરાતી સાહિત્યક્ષેત્રે પ્રવેશતો નવલકથાનાં સ્વરૂપમાં ફંટાતો જતો પ્રવાહ એક અલગ પ્રકારને અને વિશિષ્ટતાને આવકારે છે.

આમ, સંશોધનના અભ્યાસ દરમિયાન લોકપ્રિય સાહિત્ય રચવા પાછળના કારણો અને તેની જરૂરિયાત અંગેના ધોરણોને વાંચનાર વર્ગ તથા તેનું મૂલ્યાંકન કરનાર વર્ગ દ્વારા નિશ્ચિત કરી શકાયા છે. વિવિધ શબ્દકોશો અને રચનાકોશો દ્વારા લોકપ્રિય સંજ્ઞાનો અર્થ સ્પષ્ટ થાય છે. ત્યારબાદ અભ્યાસીઓના મત-મતાંતરો તથા કાવ્યશાસ્ત્રનો અભ્યાસ લોકપ્રિય સાહિત્યને વધુ સારી રીતે સમજાવામાં અર્થપૂર્ણ બન્યા છે.

લોકપ્રિય સંજ્ઞા આમ તો વર્ષો પહેલા પ્રસ્થાપિત થઈ છે. પરંતુ સાહિત્યક્ષેત્રે તેનો પ્રરંભકાળ અઠારમી સદીનો ગણવામાં આવે છે. વૈશ્વિકીકરણ, ટેકનોલોજી, અને સમુહ માધ્યમો રોજિંદા જીવનમાં અસર કરતા પરિબળો બન્યા અને મનોરંજન જગતનું એક આગવું સાંપ્રદાયિક વિશ્વ રચાયુ ત્યારપછી ભાવકનું મનોરંજન કરવાના આ કઠિન કાર્યને કેટલાક લેખકોએ વધાવી લીધું જે લેખક લોકોના મન સુધી પહોંચવા માંગતા હતા. જેમને પોતાની કૃતિની લોકપ્રિયતા અને બેસ્ટસેલરની ચિંતા હતી એમને શિષ્ટતાના ધોરણો બાજુ પર મૂકી દીધા અને લોકપ્રિય કથાના લેખકો લોકોની લાગણીઓના ઊભરાઓ, ઝુરાપાની વેદનાઓ, અતીત સાથે સંકળાયેલ અકલ્પનીય ઝંખનાઓ સનસનાટીભર્યા આલેખન, ઉન્માદક રોમાન્સ, તો ક્યારેક ધ્રુજાવી દે તેવું હિંસાત્મક આલેખન તથા મનુષ્યના સપનાઓની ફેન્ટસીભરી કલ્પિત કથાઓનો વાચકવર્ગ વિસ્તરતો જ રહ્યો. આમ ભાવકની ઈચ્છાતૃપ્તિને અનુરૂપ સામગ્રી પિરસાતી ગઈ અને લોકપ્રિયકૃતિ વેચાણકેન્દ્રી બનતી ગઈ. કેટલીક કૃતિઓમાં કળામુલ્યોના સાવ છેદ ઊડી ગયો અને કેટલીક કૃતિઓમાં કળામુલ્યોનો આછળતો સ્પર્શ અનુભવાયો.

લોકપ્રિય કૃતિ ઘડવા પાછળ લોકોનું મન સંકળાયેલ છે. અને સમય પ્રમાણે લોકોની માનસિકતામાં તથા તેમની ઝંખનાઓમાં પણ ફેરફાર થતો રહે છે. એ પ્રમાણે લોકપ્રિય લેખક પણ

તત્કાલીન સંદર્ભોનું ધ્યાન રાખી કૃતિની રચના કરતો હોય છે. તેથી સમય પ્રમાણે બદલાતા જતા આ તરલ પ્રવાહમાં વહેતી કૃતિઓ વિશે નિર્ધારિત કે તટસ્થ નિવેદનો વ્યકત કરી શકાતા નથી. સમાજમાં પ્રવર્તતા નવા ઉન્મેષો પ્રમાણે કથાના તત્ત્વોમાં પણ પરિવર્તન થતા રહે છે. તેમજ તેના સ્વરૂપમાં પણ પરિવર્તન આવતું રહેશે. જેમ દરેક લોકપ્રિય કૃતિ અદ્ભૂત નથી હોતી અથવા તો દરેક કૃતિ સમયના બળને નથી વેઠી શકતી તેમ દરેક શિષ્ટકૃતિ પણ અદ્ભૂત નથી હોતી. અને ઘણીવાર તો તે ગણતરીના લોકો સુધી જ પહોંચી શકે છે. તેથી સાહિત્યક્ષેત્રમાં વર્ગીકરણ કરી શકાય. કૃતિના સ્વરૂપ, પ્રકાર, ઘટકતત્ત્વો નિર્ધારિત કરી શકાય. પરંતુ કૃતિ સાથે લોકપ્રિય સંજ્ઞા જોડાતા જ તેને નકામી, નિમ્ન કે તુચ્છ કરી તેની આવગણના કરી દેવી એ સાચા સમર્થનથી દૂર રહેવાજેવી બાબત બને છે.

આમ, લોકપ્રિય સાહિત્ય એ સાહિત્યનો જ એક ભાગ છે. તેનુ પોતાનું  આગવું મુલ્ય છે. તેની તરલતાને કારણે પરિવર્તન તેની વિશેષતા રહી છે. સમય સાથે સંકળાયેલ કેટલુંક ભૂસાઈ જતું તો કેટલુંક કાળના સીમાડાઓ વટાવી જતું આ સાહિત્યમાં અભ્યાસકીય બની રહે તેવી રચનાઓ પણ મળી આવે છે.